Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# આદિવાસી વિસ્તારમાં ઔદ્યોગિકીકરણ અને વસ્તી બંધારણની તરાહ તથા પ્રશ્નો( ઉમરગામ તાલુકાના સરીગામના સંદર્ભમાં )

કુરાડા જ્યોતિબહેન એમ.
સમાજશાસ્ત્ર

ગુજરાતમાં ઔદ્યોગિકીકરણની પ્રક્રિયાનો વેગ ૧ મેં ૧૯૬૦ ના ગુજરાત રાજ્યની સ્થાપના બાદ વધુ ઝડપી બન્યો. ગુજરાત રાજ્ય મુંબઈ રાજ્યનું એક ભાગ હતું. ગુજરાત રાજ્ય એક અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું એ સમય દરમિયાન અમદાવાદ, વડોદરા, સુરત, વલસાડ, રાજકોટ, જામનગર, વાપી જેવા અનેક ઔદ્યોગિક વસાહતોને કારણે વાપી થી અમદાવાદ સુધીના વિસ્તારને "ઔદ્યોગિક વિસ્તાર" તરીકે ઓળખવામાં આવતો. એ સમયે આ બધા ઔદ્યોગિક વિસ્તારોનો વિકાસ ઓછેવત્તે અંશે થયો હતો. વર્ષ ૧૯૬૦ માં ઔદ્યોગિક વિકાસમાં ગુજરાતનો ક્રમ આઠમો આવતો હતો જે હવે ચાર દાયકા બાદ બીજો આવે છે.

આદિવાસી વિસ્તારના વિકાસને ધ્યાનમાં રાખી ગુજરાત સરકારે ગુજરાતના ઘણા આદિવાસી વિસ્તારને ઔદ્યોગિક વિસ્તાર તરીકે જાહેર કર્યા છે. જેમાં દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના અતુલ, ગુંદલાવ, વાપી, ઉમરગામ તથા સરીગામ વગેરે ઔદ્યોગિક વિસ્તાર તરીકે જાહેર થયેલ છે. જેમાં વાપી કેમિકલના ઉત્પાદન માટે વિશ્વભરમાં જાણીતું છે. આ વાપી ઔદ્યોગિક વિસ્તારના નજીકના સરીગામમાં ૧૯૮૧ માં નાના પાયા ઉપર ઉદ્યોગોની સ્થાપના થઇ. શરૂઆતમાં અહી ૧૧ જેટલા ઉદ્યોગો સ્થપાયા. ઔદ્યોગીકરણ પહેલા આ ગામ ત્રણ-ચાર હજાર વસ્તીવાળું આદિવાસી ગામડું હતું. તેમજ અહીની પ્રાથમિક આર્થિક પ્રવૃત્તિ ખેતી હતી. પરંતુ જેમ જેમ ઔદ્યોગિક વિકાસ થતો ગયો તેમ તેમ અહી પરિવર્તનો આવતા ગયા, જેમ કે સ્થળાંતરિતોના કારણે વસ્તી વૃદ્ધિ, જમીન પ્રદુષણ, ખેતીના ઉત્પાદનમાં ઘટાડો, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, વસ્તીકીય બંધારણમાં પરિવર્તનની સાથો-સાથ ઘણી સમસ્યા ઉદભવી. બીજી બાજુ રોજગારીની તકો વધી, જીવન ધોરણ ઉચું આવ્યું, ખેતી પરનું ભારણ ઓછુ થયું વગેરે ફાયદાઓ જોવા મળ્યા.

સ્થળાંતરિતોના કારણે સારીગામમાં વસ્તી વધારાની સમસ્યા ઉદ્ભભવી રહી છે. કોઈપણ દેશની વસ્તીવૃદ્ધિ માટેના ત્રણ પરિબળો નિર્ણાયક જોવા મળે છે: જન્મદર, મૃત્યુદર અને સ્થળાંતર. સારીગમના વસ્તી બંધારણમાં ફેરફાર લાવનાર નિર્ણાયક પરિબળ સ્થળાંતર

છે. સારીગામ ઔદ્યોગિક વિસ્તાર હોવાના કારણે અહી અન્ય ગામડા, તાલુકા, જિલ્લાઓ તથા અન્ય રાજ્યો માંથી લોકો રોજગારીની શોધમાં સ્થળાંતર કરીને આવે છે. જેની સ્થાનિક વસ્તી બંધારણ પર મોટી અસર ઉપજે છે. આવી અસર તપાસતા અનેક અભ્યાસો થયા છે. જેની સમીક્ષા દ્વારા પ્રસ્તુત શોધ વધુ અસરકારક બનાવવાનો પ્રયત્ન કરેલ છે. ઔદ્યોગિક વિસ્તારમાં સ્થળાંતર તેમજ અસર કરતાં પરિબળોને ધ્યાનમાં રાખી અનેક અભ્યાસો થયા છે, જેમ કે,

દેસાઇ (૨૦૦૨) તેમના અભ્યાસમાં નોધે છે કે વાપી ઔદ્યોગિક વિસ્તારમાં ઉત્તરપ્રદેશ તેમજ બિહાર જેવા રાજ્યોમાંથી વધુ લોકો રોજગારીની શોધમાં સ્થળાંતર કરીને આવે છે. આ વધુ વસ્તી ધરાવતા રાજ્યો હોવાથી ત્યાં રોજગારીની તકો ઓછી છે. તેથી રોજગારીની તકો ધરાવતા વિસ્તારમાં સ્થળાંતરનું પ્રમાણ વધુ જોવા મળે છે. જેના પરિણામે વસ્તી વધારો, ગંદા વસવાટ જેવી સમસ્યા ઉદભવે છે. સરીગામ પણ વિસ્તાર ઔદ્યોગિક હોવાથી રોજગારી મેળવવા ઉત્તરપ્રદેશ તેમજ બિહાર, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાંથી સ્થળાંતર કરી આવે છે. વ્યાસ(૧૯૭૯), લાલ(૧૯૯૨) મુજબ ઔદ્યોગિકીકરણ વિકાસના પરિણામે લોકોને રોજગારીની તકો પ્રાપ્ત થાય છે. જેના કારણે લોકો આજીવિકા પ્રાપ્ત કરવા માટે ઔદ્યોગિક વિસ્તારમાં સ્થળાંતર કરે છે. દેસાઈ(૨૦૦૨), વિદ્યાર્થી(૧૯૭૦) ઔદ્યોગીકીકરણને લીધે વસ્તીનું આંતરિક અને આંતરરાષ્ટ્રીય એમ બન્ને પ્રકારનું સ્થળાંતર થતું હોય છે. જે વિસ્તારમાં ઝડપી ઔદ્યોગિક વિકાસ થઇ રહ્યો હોય ત્યાં ગામડામાંથી તથા અન્ય વિસ્તારમાંથી વેપાર-રોજગાર માટે વસ્તીનું સ્થળાંતર થવા પામે છે. ઔદ્યોગિકીકરણના વિકાસના કારણે સમાજ ઉપર સારી અને નરસી બન્ને પ્રકારની અસર જન્મી છે. પટેલ(૨૦૦૧), લુહાર(૨૦૦૫) ઔદ્યોગિક વિકાસના પરિણામે લોકો રોજગારી પ્રાપ્ત કરવા, ઉચું આર્થિક જીવનધોરણ પ્રાપ્ત કરવા સ્થળાંતર કરી ઔદ્યોગિક વિસ્તારમાં સ્થળાંતર કરે છે. વ્યાસ(૧૯૭૯), લાલ(૧૯૯૨) મુજબ જે વિસ્તારમાં ઉદ્યોગો સ્થપાયા હોય અ વિસ્તારમાં લોકો રોજગારી પ્રાપ્ત કરવા સ્થળાંતર કરે છે. ઔદ્યોગીકીકરણ વિકાસના પરિણામે લોકોને રોજગારીની તકો પ્રાપ્ત થાય છે. જેના કારણે લોકો આજીવિકા પ્રાપ્ત કરવા માટે ઔદ્યોગિક વિસ્તારમાં સ્થળાંતર કરે છે. દેસાઈ એચ(૨૦૦૫), લુહાર(૨૦૦૫), સરકાર(૧૯૯૪) જણાવે છે કે ઉદ્યોગોમા રોજગારી પ્રાપ્ત કરી પોતાનું જીવનધોરણ ઉચું લાવવાની અપેક્ષા વ્યક્તિને સ્થળાંતર કરવા પ્રેરે છે. ઔદ્યોગિક વિકાસના પરિણામે લોકોને રોજગારી પ્રાપ્ત થાય છે અને તેના પરિણામે લોકોનું જીવનધોરણ ઉચું આવ્યું છે પરંપરાગત જીવનશૈલીમાં પરિવર્તનો આવ્યા છે. આધુનિક વિચારસરણી અને આધુનિક વિવિધ ઉપકરણનો ઉપયોગ વર્તમાન ઔદ્યોગિક સમાજમાં સામાન્ય બન્યો છે. આમ જ્યાં ઔદ્યોગિક વિકાસ થયો હોય ત્યાં લોકો સ્થળાંતર કરે છે. હાડલ(૨૦૧૫) મુજબ ઔદ્યોગિક વિકાસ દરેક સ્થળોએ

થવાના કારણે સ્થાનિક લોકોનું અન્ય સ્થળોએ સ્થળાંતર ઘટે છે. સ્થાનિક વિસ્તારમાં રોજગારીની તકો મળવાના કારણે સ્થળાંતરનું પ્રમાણ ઘટે છે અને જે સ્થળાંતર દ્વારા સમસ્યાઓ ઉદભવે છે એનાથી બચી શકાય છે. પાંડે, દાસ, ઓઝા, પટેલ (૧૯૯૯) ઔદ્યોગિકરણના વિકાસને લીધે હવે શિક્ષણ એ નોકરીની પૂર્વશરત બની ગયું છે. શિક્ષણએ આજે જરૂરિયાતના સંદર્ભમાં ખુબ જ મહત્વ ધરાવે છે. રોજગારલક્ષી શિક્ષણ તેમજ ટેકનીકલ શિક્ષણની માંગ પણ ઔદ્યોગિકીકરણની જ પેદાશ છે. આ રીતે ઔદ્યોગિકીકરણની પ્રક્રિયાએ પણ શિક્ષણના પ્રચાર અને પ્રસારમાં મહત્વની ભૂમિકા ભજવી છે. ઉદ્યોગો સ્થપાવાથી ખેતી પર જનતાનો ભર ઓછો થઇ જાય છે. ઉદ્યોગોના અભાવમાં જનસંખ્યા પાસે જીવનનિર્વાહનો કોઈ બીજો માર્ગ ન હતો. કૃષિની ઉત્પાદકતા ઓછી થવાથી લોકો એટલામાં જ જીવનનિર્વાહ કરવા બાધ્ય રેહતા પરંતુ ઉદ્યોગોના વિકાસ થવાથી કૃષિને છોડી ઉદ્યોગોમાં કામ કરવા લાગ્યા જેનાથી ખેતીમાં ઉત્પાદન વધ્યું અને રેહણી-કરણીનો સ્તર ઉંચો આવ્યો. દેવદાસ તથા કાપડિયા(૧૯૭૨) મુજબ ઔદ્યોગિકીકરણ થવાથી સામુદાયિક ભાવના ઘટી છે. સમૂહના સભ્યોમાં અમે ની ભાવનાની સ્થાને હું ની ભાવના આવી ગઈ છે. નગરોના આકાર વધવાના સાથો-સાથ વ્યક્તિક સામાજિક સંબંધ ક્ષીણ થય ગયા છે. જેટલા મોટા નગરો હોય છે તેટલા જ વ્યક્તિઓના પારસ્પરિક ઘનિષ્ઠા તથા સામુદાયિક ભાવના ઓછી થઇ જાય છે. હવે વ્યક્તિ હમેશા પોતાના અંગત સમસ્યાઓથી જ ઘેરાયેલો રહે છે. દેવદાસ અને કાપડિયા(૧૯૭૨), સરકાર (૧૯૯૪), દેસાઈ(૨૦૦૨) નોધે છે કે, ઔદ્યોગિકીકરણે કુટુંબવ્યવસ્થાને વિઘટિત કરી નાખી છે. લોકોના ખર્ચાઓ તથા આવશ્યકતાઓ વધી ગઈ છે. જેની પૂર્તિ એક વ્યક્તિ ના આવકથી થઇ શકતી નથી કુટુંબના અન્ય સભ્યો પત્ની તથા બાળકો પણ કામ કરવા તથા ધન અર્જિત કરવા બાધ્ય બંને છે. ઔદ્યોગીકીકરણ દ્વારા કુટુંબ તુટવા લાગ્યા છે. સંયુક્તકુટુંબની જગ્યાએ વિભક્તકુટુંબનું નિર્માણ વધવા લાગ્યું છે. પ્રત્યેક વ્યક્તિ પોતાની પત્ની અને બાળકો સાથે અલગ રહી સ્વતંત્રરૂપથી રેહવાનું પસંદ કરે છે. દેસાઈ(૨૦૦૨), પુનાલેકર(૧૯૮૦) જણાવે છે કે, ઔદ્યોગિકીકરણના પરિણામે ઔદ્યોગિક વિસ્તારમાં વસ્તીનું સ્થળાંતર વધુ થતું હોવાથી આ વિસ્તારમાં વસ્તીસંખ્યામાં વધારો થાય છે જેનાપરિણામે રેહઠાણની સમસ્યા ઉદભવે છે. અને પરિણામે નાની નાની ઝુપડપટ્ટી વિકશે છે. અને જેના કારણે ગંદા વસવાટની સમસ્યા ઉદભવે છે. વસ્તીનું સમતોલન ખોરવાય છે. વસ્તીનું સ્થળાંતર કોઈ એક જ સ્થળે થતું હોવાથી વસ્તી બંધારણમાં અસમતોલતા ઉદભવે છે. પરિણામે અનેક સમસ્યાઓ ઉભી થાય છે.

ઉપરોક્ત અભ્યાસોમાં જોવા મળેલ સારી નરસી બાબતો સરીગામ ઔધોગિક વિસ્તારમાં પણ જોવા મળી છે. જેના અભ્યાસ દ્વારા સાચી માહિતી મેળવી શકાશે.

**સંશોધન પેપરનો હેતુ:** પ્રસ્તુત શોધપેપરનો હેતુ આદિવાસી વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસના પરિણામે સરીગામમાં સ્થળાંતરીતોના કારણે વસ્તી બંધારણમાં પરિવર્તનો આવ્યા જેમ કે વસ્તી

વધારો, જાતિ પ્રમાણમાં અસમતુલા અને જેના કારણે આદિવાસી સમાજ ઉપર સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક તેમજ ગંદા વસવાટની સમસ્યા, પ્રદુષણની સમસ્યા, ગુનાખોરીની સમસ્યા વગેરે સમસ્યાઓ ઉદભવી છે તે જાણવાનો છે.

**સંશોધન પદ્ધતિ**:પ્રસ્તુત શોધ પપેરમાં પ્રસ્તુત કર્તાએ માહિતી પ્રાપ્ત કરવા દ્રિતિય સ્ત્રોત તરીકે ગુજરાતની ૧૯૯૧ થી ૨૦૧૧ ની ગુજરાતની વસ્તીગણતરી અને સ્થળાંતરના આંકડા માટે ભારતની વસ્તીગણતરી, ગ્રામપંચાયતની આંકડાકીય માહિતી, જિલ્લાની આંકડાકીય રૂપ રેખાનો ઉપયોગ કર્યો છે. તેમજ નિરીક્ષણ તેમજ મુલાકાત પધ્ધતિથીનો ઉપયોગ કરવામાં આવેલ છે.

**સરીગામના વસ્તીના બંધારણમાં ઉદભવતી તરાહો** :-સરીગામના વસ્તી બંધારણમાં પરિવર્તન લાવનારું મહત્વનું પરિબળ સ્થળાંતર છે. જે ઉદ્યોગીકિકરણ ને આભારી છે. સરીગામ વલસાડ જીલ્લાના ઉંમરગામ તાલુકમાં આવેલ નાનકડું ગામ હતું. આ ગામમાં ૯૯ ટકા લોકો આદિવાસી હતા. લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. ગામની વસ્તી સામાન્ય હતી. પરંતુ ૧૯૮૧ના ઉદ્યોગો સ્થપાવાના મંડાણથી ગામમાં સ્થળાંતરિતોની સંખ્યા ધીરે ધીરે વધવા માંડી. અને વસ્તી બંધારણમાં પરિવર્તન આવવા માંડ્યું.

**સરીગામની વસ્તીવૃદ્ધી**

| વર્ષ | કુલ વસ્તી | કુલ સ્ત્રી સંખ્યા | કુલ પુરષ સંખ્યા | અનુસુચિત જન જાતિ | જાતિ પ્રમાણ |
|---|---|---|---|---|---|
| ૧૯૯૧ | ૧૦૫૦૪ | ૫૨૦૧ | ૫૩૦૩ | ૪૫૩૦ | ૧૦૦૪ |
| ૨૦૦૧ | ૧૨૭૬૩ | ૫૩૮૨ | ૭૩૮૧ | ૫૫૩૧ | ૯૧૦ |
| ૨૦૧૧ | ૧૯૯૦૩ | ૮૯૬૦ | ૧૦૯૪૩ | ૭૧૦૩ | ૮૧૯ |

(ભારતની વસ્તી ગણતરી : ૧૯૯૧,૨૦૦૧,૨૦૧૧ )

સરીગામની ૧૯૯૧માં કુલ વસ્તી ૧૦૫૦૪ હતી. જેમાં પુરુષોની કુલ સંખ્યા ૫૩૦૩, અને સ્ત્રીઓની ૫૨૦૧, અનુસુચિત જનજાતિન વસ્તી સંખ્યા ૪૫૩૦ હતી, તેમજ સરીગામનું જાતિ પ્રમાણ ૧૦૦૪ જેટલું હતું. ૨૦૦૧ની વસ્તીગણતરી અનુસાર કુલ સંખ્યા ૧૨૭૬૩ હતી. જેમાં પુરુષોની કુલ સંખ્યા ૭૩૮૧ અને સ્ત્રીઓની કુલ સંખ્યા ૫૩૮૨ હતી. અનુસુચિત જનજાતિની વસ્તી સંખ્યા ૫૫૩૭ જેટલી હતી. જાતિ પ્રમાણ ૯૧૦ હતું. વર્તમાન સમય દરમિયાન ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર જોઈએ તો સરીગામની કુલ સંખ્યા ૧૯૯૦૩ છે. જેમાં પુરુષોની કુલ સંખ્યા ૧૦૯૪૩ અને સ્ત્રીઓની કુલ સંખ્યા ૮૯૬૦ જેટલી છે. અનુસુચિત જનજાતિની કુલ સંખ્યા ૭૧૦૩ અને જાતિ પ્રમાણ ૮૧૯ જેટલું જોવા મળે છે.

ઉપરોક્ત ૧૯૯૧ થી ૨૦૧૧ સુધીની વસ્તી સંખ્યાનું અભ્યાસ કરતા જોઈ શકાય છે કે એક નાનકડું આદિવાસી ગામ ઔદ્યોગિક વિકાસના કારણે કેવું વિશાળરૂપ ધારણ કરી રહ્યું છે એ માત્ર સ્થળાંતરિતોને આભારી છે. અહી જોય શકાય છે કે આદિવાસી વસ્તી સંખ્યામાં કોઈ વધુ પડતો વધારો થયો નથી. પરંતુ ઉદ્યોગિક વિકાસના સાથો સાથ વસ્તી સંખ્યામાં ઝડપી વધોરો થયો છે. ઉદ્યોગિક વિકાસના પ્રથમ ચરણમાં સ્ત્રી- પુરુષ વસ્તી સંખ્યામાં સ્ત્રીઓની વસ્તી પુરુષો કરતા વધુ હતી. પરંતુ જેમ- જેમ ઔદ્યોગિક વિકાસ વધતો ગયો તેમ તેમ સ્ત્રી-પુરુષો વચ્ચેની અસામનતા વધી ગઈ એ જોઈ શકાય છે. જેના કારણે જાતિ પ્રમાણમાં અસમતુલા ઉભી થઇ છે. એનું એક મુખ્ય કારણ તરીકે અન્ય રાજ્યો માંથી આવેલા સ્થળાંતરિત ઉદ્યોગિક પુરુષ કામદારો જેના કારણે આ વિસ્તારનું વસ્તી બંધારણ અસંતુલિત બન્યું છે. આદિવાસી સમુદાયમાં સ્ત્રી-પુરુષ વચ્ચે ભેદભાવ જોવા મળતો નથી, તેથી સ્ત્રી સંખ્યામાં ઘટાડા માટે સ્ત્રીભ્રુણહત્યા જેવા કારણો જવાબદાર નથી પરંતુ અન્ય રાજ્યોમાંથી સ્થળાંતરિત પુરષ કામદારોના કારણે છે. આમ ઔદ્યોગિકીકરણે વસ્તી બંધારણમાં પરિવર્તનના સાથે અનેક અન્ય સમસ્યાઓ ઉભી કરી છે.

**સરીગામનો ઔદ્યોગિકવિકાસ**

| વર્ષ | ઉદ્યોગોની સંખ્યા |
|---|---|
| ૧૯૮૧ | ૧૧ |
| ૧૯૯૧ | ૧૦૬ |
| ૨૦૦૧ | ૪૦૨ |
| ૨૦૧૧ | ૪૬૯ |

(ગ્રામપંચાયત આંકડાકીય માહિતી ૨૦૧૧.)

ઉપરોક્ત સરીગામના ઔદ્યોગિક વિકાસના કોષ્ટક અનુસાર સરીગામમાં વર્ષ ૧૯૮૧માં ઉદ્યોગો સ્થપાવાની શરૂઆત થઇ હતી. એ સમય દરમિયાન સરીગામમાં ૧૧ જેટલા ઉદ્યોગો સ્થપાયા. વડીલો પાસેથી મેળવેલ માહિતી અનુસાર આ ઉદ્યોગો વેરાન જગ્યાએ ગામના છેવાડાની જમીનમાં સ્થપાયા હતા. ઉદ્યોગો સ્થાપનાર ઉદ્યોગપતિઓ મુંબઈના હતા. વર્ષ ૧૯૯૧માં ઉદ્યોગોમાં ૯૫ જેટલા ઉદ્યોગોની વૃદ્ધી થઇ. એવીજ રીતે વર્ષ ૨૦૦૧માં કુલ ઉદ્યોગોની સખ્યા ૪૦૨ અને ૨૦૧૧માં કુલ ઉદ્યોગોની સંખ્યા ૪૬૯ જેટલી છે. આમ ઉદ્યોગોનો સતત વિકાસ થતો ગયો છે. અહી કેમિકલ, ફાર્માસ્યુટિકલ, રસાયણો, રબર વગેરે ના ઉદ્યોગો વધુ જોવા મળે છે.

આદિવાસી વિસ્તાર સરીગામમાં ઔદ્યોગિક વિકાસના સાથો-સાથ વસ્તી વધારાનું પ્રમાણ વધ્યું. સ્થળાંતરિતોના કારણે વસ્તીમાં અનિચ્છનીય વધારો થયો છે. સરીગામમાં ઔદ્યોગિક વસાહતોની સ્થાપના થઇ ત્યારે ૧૧ જેટલા ઉદ્યોગો હતાં. ૧૯૮૧ની વસ્તીગણતરી અનુસાર

સરીગામની વસ્તી ઔદ્યોગિક વિકાસના પ્રથમ ચરણમાં લગભગ ૪ થી ૫ હજાર જેટલી હતી. એ સમય દરીમિયન સરીગામ ખેતીપ્રધાન ગામ હતું. ડાંગરનું પુષ્કળ પ્રમાણમાં ઉત્પાદન થતું. એક સુંદર હરિયાળું કહી શકાય એવું ગામ હતું. ૭૦ % વસ્તી આદિવાસીઓની હતી. ઔદ્યોગિક વિકાસની સાથો-સાથ સ્થળાંતરિત ઉદ્યોગિક કામદારોની સંખ્યા રોબરોજ વધવા માંડી અને બિન-આદિવાસી પ્રજાની સંખ્યામાં વધારો થતો રહ્યો છે.

**ગામમાં ઔદ્યોગિકીકરણની પ્રક્રિયાથી વસ્તી બંધારણમાં આવેલા પરિવર્તનના પરિણામે ઉભી થયેલ સમસ્યા :-** સરીગામમમાં વસ્તી બંધારણમાં આવેલા પરિવર્તનના કારણે અન્ય ઘણી સમસ્યાઓ નિરીક્ષણ દ્વારા જોઈ શકાઈ છે, જેમકે જાતિ પ્રમાણમાં અસમતુલા, રેહઠાણની સમસ્યા, ગંદા વસવાટની સમસ્યા તેમજ આદિવાસી સમાજ ઉપર સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અસર પડી છે. પરંપરાગત આદિવાસી સમુદાય નષ્ટ થવાને આરે છે તેઓ પોતાની આગવી સંસ્કૃતિ ખોઈ રહ્યાછે. બિન-આદિવાસી સમાજ સાથેના સંપર્કના કારણે પોતાનું સાચું અસ્તિત્વ જાળવી શક્યા નથી. શિક્ષણના અભાવના કારણે ઉદ્યોગોમાં યોગ્ય સ્થાન મેળવી શક્યા નથી, ઉદ્યોગો વિકાસમાં પોતાની જમીન ખોઈ ચુક્યા છે. તેથી ખેતી કરી સકતા નથી. ઉદ્યોગોમાં બિનકુશળ કારીગર તરીકે કામ કરે છે. તથા મોટા ભાગે કરાર આધારિત મજુર તરીકે કામ કરે છે. વસ્તી વધારાના કારણે હવે ગુનાખોરીનું પ્રમાણ પણ વધ્યું છે બળાત્કાર, અપહરણ જેવા ગુના વધ્યા છે. આદિવાસી વિસ્તારમાં વિકાસના નામે ઉદ્યોગો સ્થપાયા છે અ માત્ર નામ પૂરતા છે આદિવાસી લોકોના વિકાસના નામે તેમનું શોષણ થઇ રહ્યું હોય એવું લાગે છે. જે સમસ્યાના નામ પણ જેમણે સાંભળ્યા ન હતાં એવી સમસ્યાના તેઓ ભોગ બની રહ્યા છે. ઔદ્યોગિક વિકાસના લાભ અને ગેરલાભ બન્ને છે પરંતુ અહી લાભ ઓછા અને ગેરલાભ વધુ જોય શકાય છે.

- ❖ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, બિહાર, મહારાષ્ટ્ર, કેરળ જેવા રાજ્યોમાંથી જે ઔદ્યોગિક કામદારો આવે છે મોટા ભાગે પુરુષો છે. જેના કારણે ગામમાં જાતિ પ્રમાણ અસંતુલિત બન્યું છે. જેમ કે ૧૯૯૧ની ભારતની વસ્તી ગણતરી મુજબ સરીગામમાં જાતિ પ્રમાણ ૧૦૦૪ હતી જયારે ૨૦૧૧ મુજબ ૮૧૯ છે.
- ❖ વસ્તીવૃદ્ધિના કારણે રહેઠાણ અને ગંદાવસવાટની સમસ્યા સર્જાઈ છે. સરીગામમાં ગણેશ નગર, ઇમરાન નગર, રાયસાગર, રમઝાનનગરી, રોહિતવાસ, સરદાર નગર, ગાયત્રીનગર, સલીના હાઉસ વગેરે સ્થળોએ ગંદા વસવાટજોવા મળે છે.
- ❖ વસ્તીવૃદ્ધિના કારણે ગુનાખોરીની સમસ્યા વધી છે. સ્ત્રીપ્રમાણ અસંતુલિત થવાથી બળાત્કાર જેવી સમસ્યા વધવા માંડી છે. પ્રદુષણની સમસ્યા, ગંદા, રસાયણયુક્ત પાણીના પરિણામે ખેતીમાં પાક ઉત્પાદનમાં ઘટાડો થયો છે.

- બિન-આદિવાસી પુરુષો આદિવાસી સ્ત્રીઓ સાથે લગ્નગ્રંથીથી જોડાય છે જેના કારણે આદિવાસીઓનું બિનઆદિવાસીકરણ થઇ રહ્યું છે. તેમજ અન્ય રાજ્યના પુરુષો આદિવાસી સ્ત્રી સાથે લગ્ન કર્યા બાદ અમુક વર્ષો પછી એ સ્ત્રીને અને બાળકોને છોડીને પોતાના રાજ્યમાં જતા રેહતા હોવાથી ત્યજાયેલ પરિવારને મોટો સામનો કરવો પડે છે આ પણ એક મોટી સમસ્યા બની છે.

ઔદ્યોગિકીકરણે આદિવાસી સમુદાય ઉપર સારી નરસી બંને પ્રકારની અસરો નીપજાવી છે. ઉપરોક્ત માહિતી અનુસાર સરીગામમાં ઔદ્યોગિકીકરણે વસ્તી બંધારણની સમતુલા ખોરવી દીધી છે. જેના કારણે ગામમાં ઘણી અન્ય સમસ્યાઓ ઉદભવી છે જે એક સંશોધનનો મુદ્દો બન્યો છે. ભવિષ્યમાં આ વિસ્તારને કેન્દ્રમાં રાખી આદિવાસી સમુદાય ઉપર ઔદ્યોગિકીકરણની અસર વિશે સંશોધનકાર્ય થઇ શકે. આમ, આદિવાસી સમુદાય ઔદ્યોગિકીકરણના પરિણામે વિવિધ સમસ્યાનો સામનો કરી રહ્યો છે. બીજી બાજુ ઔદ્યોગિકીકરણના લાભો પણ ખરા પરંતુ સમસ્યાના સરખામણીમાં ઓછા જોવા મળે છે આ એક સંશોધનનો વિષય છે.

**સંદર્ભસૂચિ**


1. Desai Kiran (2002) - Profile And Conditions Of Industrial Workers: A Case Study Of Vapi, Sociology Department V.N.S.Gujarta Uni, Surat, Ph.D Thesis.
2. Desai H (2005) - Woman Workers In Chemical Industry: A Case Study G.I.D.C Vapi, Ph.D Thesis, M.S University, Baroda.
3. Hadal Vishnu (2015) - Development And Problems Of Varli Tribal Community: A Sociological Study, Ph.D Thesis, S.P University, Anand.
4. Kapdiya And Pillai (1972) - Industrialization And Rural Society : A Study Of Atul – Balsar Region, Popular Prakasan Mumbai.
5. Lal R. B (1992) - From Farm to Factory, Ahmedabad Gujarat University.
6. Punalekar Shushil (1980) - A Descriptive Study Of Dhodiyas Of Surat City, Ph.D Thesis, South Gujarat University, Surat.
7. Sarkar Amitabha (1994) - Dhodiya : Industrialization And Chang in a primitive comunity, Popular Publishing House, Mumbai.
8. Vyas Kailash (1979) Tribal In Non- Tribal Setting : A Sociological Study Of Tribals In a Urban Community, Ph.D Thesis, V.N.S.Gujarat University, Surat.
9. Vidhyarthi L. P (1970) – Socio- Culture Implication Of Industrialization In India, Planning Comission, New Delhi.
10. ભારતની વસ્તી ગણતરી (૧૯૯૧,૨૦૦૧,૨૦૧૧)
11. જિલ્લા પંચાયત (૨૦૧૧) જિલ્લાની આંકડાકીય રૂપરેખા, વલસાડ જિલ્લા.
12. ગ્રામ પંચાયત (૧૯૯૧,૨૦૦૧,૨૦૧૧) ગામની આંકડાકીય માહિતી, ગ્રામ પંચાયત સરીગામ.
13. પટેલ ગુલાબભાઇ (૧૯૯૯) ઉદ્યોગિકીકરણથી આદિવાસીઓમાં આવેલું આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક પરીવર્તન, ગુજરાત વિધાપીઠ, અમદાવાદ.
14. પટેલ અર્જુન (૨૦૦૧) આદિવાસી સ્થળાંતર : કારણો અને ઉપાયો, સેન્ટર ફોર સોશિયલ સ્ટડીનું ત્રેમાસિક, ગ્રંથ-૨૦, અંક-૪.